આવતીકાલનો ઉજાસ

ભવ્યશ્રી ક્રિષ્નસિંહ પરમાર
ધોરણ-૯
માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ

અભ્યાસમાં તેજસ્વી એવી ભવ્યશ્રી સર્જનાત્મક તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓમાં વિશેષ રસ ધરાવે છે. તે એક વક્તા, કલાકાર ઉપરાંત નેતૃત્વના ગુણો પણ ધરાવે છે. બાસ્કેટ બૉલ અને ઍથ્લેટીક્સમાં તે અગ્રેસર રહે છે અને સૌને મદદ કરવાની ઉમદા ભાવના પણ ધરાવે છે.

ક્રિષ્ના રાજેશકુમાર રાઠોડ
ધોરણ-૯
માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ

અભ્યાસ અને ઈતર પ્રવૃત્તિઓને જીવનમાં મહત્ત્વ આપનારી ક્રિના વાર્તા, નાટક, લેખન, કાવ્યપઠન, પ્રાર્થના વગેરે જેવી પ્રવૃત્તિઓમાં રસ અને કુશળતા ધરાવે છે. નબળા વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થનારી આ મદદગાર વિદ્યાર્થીની અંધશાળાના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનાં પેપર્સ લખી આપીને તેમને પણ મદદરૂપ થાય છે.

દૂરદર્શન કેન્દ્ર અમદાવાદ દ્વારા ગિરનાર શિરોમણિ પુરસ્કાર એનાયત કરાયા

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે સામાજિક મૂલ્યોના જતન અને પરંપરાઓનું નિર્વહન કરવામાં દૂરદર્શન એક સબળ માધ્યમ તરીકે ઉભરી રહ્યું છે અને તેનું સામાજિક દાયિત્વ સારી રીતે નિભાવી રહ્યું છે.

રાજ્યપાલશ્રી ગઈકાલે અમદાવાદમાં દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદના રજતજયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં આયોજિત કરાયેલ પ્રથમ 'ગિરનાર શિરોમણિ પુરસ્કાર-૧૨' સમારોહમાં પદ્મ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીને ગિરનાર ગૌરવ પુરસ્કારથી સન્માનિત કર્યા બાદ સંબોધન કરી રહ્યા હતા.

દૂરદર્શન કેન્દ્રના કેન્દ્રાધ્યક્ષ શ્રી જુગલ કિસોર ચંદિરાએ તેમના સંબોધનમાં દૂરદર્શન કેન્દ્રની ૨૫ વર્ષની સુદીર્ઘ મજલ દરમ્યાન હાંસલ કરેલ સિદ્ધિઓની રૂપરેખા આપી હતી.

ઉપ મહાનિર્દેશક (કાર્યક્રમ) શ્રી શિવાજી ફુલસુંદરે તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે આજના સ્પર્ધાના સમયમાં દૂરદર્શને તેની ગુણવત્તા સભર પ્રસારણ સેવાઓ થકી મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે.

સમારોહમાં શ્રી જશવંત ગાંગાણીને ગિરનાર ચલચિત્ર શિરોમણી પુરસ્કાર, શ્રી શ્યામલ-સૈમિલ મુન્શીને ગિરનાર સ્વર શિરોમણિ પુરસ્કાર, શ્રી સૌમ્ય જોશીને ગિરનાર નાટ્ય શિરોમણિ પુરસ્કાર, ડૉ. વિનોદ જોશીને ગિરનાર સાહિત્ય શિરોમણિ પુરસ્કાર, ડૉ. અમી યાજ્ઞિકને ગિરનાર પ્રતિભા શિરોમણિ પુરસ્કાર, શ્રી સુખદેવ પટેલને ગિરનાર સેવા શિરોમણિ પુરસ્કાર, શ્રીમતી માલતીબેન ચૌધરીને ગિરનાર કૃષિ શિરોમણિ પુરસ્કાર, શ્રી ગીત શેઠીને ગિરનાર ખેલ શિરોમણિ પુરસ્કાર અને શ્રી પંકજ પટેલને ગિરનાર ઉદ્યોગ શિરોમણિ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

૩૦ ટકા જેટલું પરિણામ આવતું હોઈ જીટીયુ દ્વારા

એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓ માટે પ્રથમ સેમેસ્ટરના કોર્સમાં ફેરફાર

અમદાવાદ, તા.૨૦

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ) સંલગ્ન એન્જિનિયરીંગના વિવિધ કોર્સમાં પ્રથમ સેમેસ્ટરના અભ્યાસક્રમમાં ફેરપાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તમામ સેમેસ્ટરનો અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે પ્રોફેસરોને નિશ્ચિત સમયની ગાઈડલાઈન આપવામાં આવી છે.

ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ફોર ટીચર્સ એજ્યુકેશન (એઆઈસીટીઈ)ના નિયમાનુસાર એન્જિનીયરીંગ કોલેજોમાં વિદ્યાર્થીઓનું મુલ્યાંકન તેમના તમામ સેમેસ્ટરના પરફોર્મન્સના આધારે કરવું તેમ નિર્દેશ કરાયો છે. પરંતુ દેશની કેટલીક કોલેજો એમ ન કરતા વિદ્યાર્થીઓના છેલ્લા ચાર સેમેસ્ટરના આધારે તેમના ક્યુમુલેટિવ પરફોર્મિંગ ઈન્ડેક્ષ (સીપીઆઈ)ને ધ્યાન પર રાખી ફાઈનલ ટ્રાન્સક્રિપ્ટ સિસ્ટમમાં ફેરફાર કરતા હવે ફર્સ્ટક્લાસની સંખ્યામાં વધારો થશે. જીટીયુના કુલપતિ અક્ષય અગ્રવાલના જણાવ્યા અનુસાર જીટીયુ સંલગ્ન એન્જિનિયરીંગના વિવિધ કોર્સમાં પ્રથમ સેમેસ્ટરના અભ્યાસક્રમમાં ફેરફાર કર્યો છે. આ ફેરફાર કરવાનું આવતા તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ વિદ્યાર્થી આવા પ્રોફેસનલ કોર્સમાં પ્રવેશ મેળવે ત્યારે તેના માટે ટેકનિકલ ભાષા સમજવી અઘરી હોય છે. તેમજ તેના ઉત્સાહમાં પણ ઘટાડો થતો હોય છે. પ્રથમ સેમેસ્ટરનું પરિણામ નબળુ આવે તો ઘણા કિસ્સામાં વિદ્યાર્થી અભ્યાસ કરવાનું ટાળી દેતો હોય છે. એમ ન થાય તે માટે આ વર્ષથી પ્રથમ સેમેસ્ટરના અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કોર્સમાં ફેરફારથી એન્જિનીયરીંગની વિવિધ બ્રાન્ચના કોર્સમાં પ્રથમ સેમેસ્ટરનો અભ્યાસક્રમ અગાઉ કરતા સરળ થયો છે. અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની સાથે ચાલુ વર્ષથી યુનિવર્સિટી સંલગ્ન દરેક કોલેજોને તમામ સેમેસ્ટરનો અભ્યાસક્રમ પૂર્ણ કરવાની નિશ્ચિત ગાઈડલાઈન આપવામાં આવી છે.

નિસર્ગ સેન્ટર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ધરતી દિન ઉજવશે

ગાંધીનગર, તા. ૨૦

વર્તમાન સમય અનેક વૈશ્વિક સમસ્યાઓથી ઘેરાયેલ વિવિધ પર્યાવરણીય સમસ્યાઓ ખતરો બનીને તેની સામે આવીને ઉભી છે. કુદરતનાં આ અણમોલ સર્જન સમી આ પૃથ્વી એકમાત્ર જીવંત ગ્રહ છે. જેની પર માનવિય હસ્તક્ષેપને કારણે હવાનું, પાણી જમીનનું પ્રદૂષણ થયું છે. આ પ્રદૂષણને કારણે ગ્રીન હાઉસ અસર ગ્લોબલ વાર્મિંગ, ક્લાયમેટ ચેન્જ, વધતી જતી ગરમી જેવી પર્યાવરણીય સમસ્યાઓ ઉભી થઈ છે.

સમસ્યાઓ અંગે જાગૃતિ કેળવવા તથા આપણી ઘર સમાન પૃથ્વી ગ્રહની જાળવણી માટે દર વર્ષે સમગ્ર વિશ્વમાં '૨૨-એપ્રિલ ધરતી દિન' તરીકે ઉજવાય છે. ગરવી ગુજરાતમાં વિક્રમ સંવત વર્ષનાં માસ વૈશાખની બીજનાં દિને ધરતીપૂત્રો - ખેડૂતો દ્વારા ખેતરમાં ધરતીનું પૂજન કરવાનો વર્ષી જૂનો રિવાજ છે. આ રિવાજ એ પર્યાવરણની જાળવણી માટે વારસામાં મળેલ અમૂલ્ય બોધ છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષના તા. ૨૨ એપ્રિલ-૧૨ના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩ ખાતે સાયન્સ ક્લબના વિદ્યાર્થીઓ માટે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

પાઠયપુસ્તકોમાં ભાવ ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યૂટમાં સ્પ્રિંગ વધારા સામે આંદોલન ફેસ્ટ-૨૦૧૨નું સફળતાપૂર્વક સમાપન

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ પશ્ચિમ લોકસભા યુવક કોંગ્રેસના પ્રમુખ પાર્થિવરાજ સિંહ કઠવાડિયા અને અમદાવાદ શહેર એન.એસ.યુ.આઈના પ્રમુખ એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવે છે કે રાજ્ય સરકાર દ્વારા શાળાના પાઠયપુસ્તકોના ભાવમાં જે અસહ્ય ભાવ વધારો કરવામાં આવેલ છે તેનો યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ. સક્ષ્ન શબ્દોમાં વિરોધ નોંધાવે છે. અને આજે તા.૨૦-૪-૨૦૧૨ના રોજ૦ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતે શિક્ષણ મંત્રીનું પુતવાનું દહન કરી વિરોધ નોંધાવેલ છે. વધુમાં પાર્થિવરાજસિંહ જણાવે છે કે જો આ ભાવ વધારો તાત્કાલીક ધોરણે પાછો ખેંચવામાં નહીં આવે તો વધુ જલદ આંદોચલન કરવામાં આવશે. રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકારે એ માત્ર ઉદ્યોગપતિઓની સરકાર છે જે સામાન્ય પ્રજાની સહેજપણ દરકાર વગર જે ભાવવધારો કરી રહી છે તેની સામે યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ પ્રજાનો અવાજ બની લડત આપચશે, રાજ્ય સરકારની આ નીતિ જોઈને એવું લાગે છે કે આવનારા સમયમાં કદાચ શ્વાસ લેવાના પણ પૈસા પ્રજા લેશે. આ ભાવવધારા સામે આવનારા સમયમાં યુવક કોંગ્રેસ દ્વારા સહીં ઝૂંબેશ, ધરણા, ઉપવાસ અને ચક્કાજામ જેવા જલદ્ કાર્યક્રમ આપવાની જાહેરાત કરે છે.

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલી ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યૂટમાં તા. ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ સ્પ્રિંગ ફેસ્ટ'-૨૦૧૨નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. એમ.સી.એ. સેમીસ્ટર-૨ અને સેમીસ્ટર-૪ની વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં તજજ્ઞ તરીકે આવેલા સ્મિતા દવેએ ઈવેન્ટ 'ડિફરન્ડ રોલ ઓફ વુમન ઈન લાઈફ' અંતર્ગત સ્ત્રી ગૌરવની વાતો કરી હતી. તેમણે વિનોબા ભાવે અને શહેનાઝ હુસેન જેવી મહાન વ્યક્તિઓનાં ઉદાહરણ લઈ વિદ્યાર્થીઓને સારૂ એવું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

ઈવેન્ટ 'મેક અપ ટ્રીપ્સ'માં તજજ્ઞ તરીકે આવેલા ઉમાબેને વિદ્યાર્થીનીઓને મેક-અપ ટીપ્સની સારી એવી માહિતી આપી હતી. જેમાં બ્યુટી કેર, હેરસ્ટાઈલની રજૂઆત લાઈવ ડેમો દ્વારા કરી હતી.

ઈવેન્ટ 'આર્ટ મેઈકીંગ એન્ડ પ્રિપેરેશન' અંતર્ગત આવેલા તજજ્ઞ ધનંજય પટેલે કોલેજની વિદ્યાર્થીનીઓને ક્લે આર્ટ અને વિવિધ પેન્ટીંગને લગતી ખૂબ જ સરળ ટીપ્સ આપી હતી.

'જ્વેલરી મેઈકીંગ' અંતર્ગત આવેલા તજજ્ઞ મિ. ચંદ્રેશ સોનીએ જ્વેલરીમાં અલગ-અલગ પ્રકારની ડિઝાઈન કેવી રીતે કરવી તે વિશેની માહિતી વિદ્યાર્થીનીઓને પુરી પાડી હતી. કોમ્પ્યુટર સોફ્ટવેર દ્વારા જ્વેલરી ડિઝાઈન કેવી રીતે કરવી તે વિદ્યાર્થીનીઓને બતાવ્યું હતું. ત્યાર બાદ સ્પ્રિંગ ફેસ્ટ-૨૦૧૨નું સફળતાપૂર્વક સમાપન થયું હતું.

સ્પ્રિંગ ફેસ્ટ-૨૦૧૨નું આયોજન પ્રો. ખ્યાતિ રાવલ અને પ્રો. હેલી વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ડાયરેક્ટર જીતેન્દ્રભાઈ પટેલે કાર્યક્રમને સફળ બનાવવા માટે પુરતુ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

દુર્ભાગ્ય એ છે કે ૯૮ ટકા લોકોએ પોતાના જીવનને એક ફૂટબૉલ બનાવી દીધું છે

તાજેતરમાં હિન્દી ભાષામાં પ્રકાશિત થયેલા ઍસ પી ભારિલ્લ લિખિત પુસ્તક '૧૮ ચૅપ્ટર્સ'માં પ્રેરણાત્મક ચિંતનની સુંદર વાતો આલેખાઈ છે. જીવનને પ્રેરણા આપે એવી આ વાતો આજે માણીએ.

સ્વપ્ન એ જે તમને બેસવા ન દે. સ્વપ્ન એ છે જે તમને ચેન ન લેવા દે. સ્વપ્ન એ છે જે તમને સૂવા ન દે. સ્વપ્ન તો એ છે જેની સામે કોઈ તકલીફ તકલીફ જ ના લાગે. બધી જ મુસીબતો તેની સામે અદ્રશ્ય થઈ જાય. સ્વપ્ન જોવું એક કલા છે. જે સ્વપ્ન જુએ છે તે કલાકાર છે.

સ્વપ્ન તો ત્યારે પૂરું થયું કહેવાય, જ્યારે તે ઈમોશનલ હોય, જ્યારે તેની સાથે ભાવનાઓ જોડાય. એક દર્દ જોડાય ત્યારે તે સ્વપ્નમાં ઝનૂન ઊભું થશે અને આ ઝનૂનના પ્રભાવથી આ સ્વપ્ન એક આગ બનશે. ત્યારે તે મિશન બની જશે. ત્યારે કામમાં આનંદ આવવા લાગશે. તેને માણશો. ચારે તરફનું વાતાવરણ અનુકૂળ થઈ જશે. પ્રકૃતિ પણ તમને સહકાર આપવો શરૂ કરશે. આ ઝનૂન જ તમને તમારાં સ્વપ્નો પૂરાં કરવાના માર્ગમાં આવતા દરેક પડકાર સાથે લડવાની હિંમત આપશે.

દુર્ભાગ્ય એ છે કે ૯૮ ટકા લોકોએ પોતાના જીવનને એક ફૂટબૉલ બનાવી દીધી છે. જિંદગી તેમને જ્યાં પણ લઈ જાય છે, ત્યાં તેઓ ઘસડાતા રહે છે. આ જીવન તેમને કયા માર્ગે લઈ જાય છે, તેની પણ તેમને ખબર નથી હોતી. જે કામ તેમને ગમે છે, તે કરતા નથી, જેને પસંદ કરે છે, તે કરવાની હિંમત એકઠી કરી શકતા નથી. આવા લોકોનું ભલું કોણ કરી શકે?

જે લોકો સ્વપ્નો જોતા નથી, તે ભટકતા રહે છે. કારણ કે તેમની પાસે કોઈ મુકામ હોતો નથી. જે લોકો સ્વપ્નો જુએ છે, પણ પોતાની શક્તિથી તેને સિદ્ધ કરવાની કોશિશ કરતા નથી, તેઓ કાયર હોય છે. જે લોકો પોતે તો સ્વપ્નો જોતા નથી, પણ બીજાનાં સ્વપ્નો પણ ચોરી લે છે અને તેમનાં સ્વપ્નો પૂરાં ન થાય તેનો પ્રયાસ કરે છે, તેઓ નિકૃષ્ટ લોકો છે. જેઓ સ્વપ્નો જુએ છે અને તેને પૂરાં કરવા માટે ઝનૂનથી પાછળ પણ પડે છે, તેઓ સફળ લોકો છે. જે લોકો સ્વપ્નો જુએ છે અને તેને પુરાં કરવાના ઝનૂનથી પાછળ પણ પડે છે, સાથે બીજા લોકોને તેમનાં સ્વપ્નો પૂરાં કરવામાં મદદ કરે છે, તેઓ મહાન લોકો હોય છે.

જીવન ચલને કા નામ

સામાન્ય રીતે નોકરી કરનારાઓને પોતાનાં કોઈ સ્વપ્નો નથી હોતાં. ભય જ તેમને કામ કરાવે છે. તેમને ડર રહે છે વ્યવસાયનો, ડર હોય છે બૉસનો, એટલે જ તેમની કામ કરવાની સીમા ત્યાં સુધી હોય છે જ્યાં સુધી તેમનો ડર હોય છે. પણ સામાન્ય રીતે બિઝનેસમેન સ્વપ્ન માટે કામ કરે છે. પોતાનાં સ્વપ્નો માટે કામ કરે છે. એટલે તેની કામ કરવાની સીમા ત્યાં સુધી હોય છે જ્યાં સુધી તેનું સ્વપ્ન હોય છે. તમારે નિશ્ચિત કરવાનું છે કે કામ ભયની સીમા સુધી કરવાનું છે કે સ્વપ્ની સીમા સુધી. દુનિયામાં એ વ્યક્તિ ઝડપથી પોતાનાં સ્વપ્નો પૂરાં કરી લે છે, જેની પાસે સ્વપ્ન સાથે એક ભય પણ હોય છે કે જો સ્વપ્ન પૂરું નહીં થાય તો શું થશે?

જે કામ કરવાનો ડર લાગે, તે કામ કરવું જ સાહસ છે. કોઈ પણ પરિસ્થિતમાં પોતાના પર, પોતાનાં આંતરિક સંસાધનો પર અને શક્તિઓ પર પૂર્ણ નિર્ભરતા અને વિશ્વાસ જ આત્મવિશ્વાસ છે.

ક્યારેક કોઈ શીખવાનું નથી અટકતું. કોઈ પણ વ્યક્તિ ત્રણ રીતે શીખી શકે છે : એક - પોતાની ભૂલોથી. બે - બીજાની ભૂલોથી. ત્રણ - બીજાઓની સફળતાથી. પહેલી રીત ખૂબ લાંબી છે, બીજી રીત નકારાત્મક છે. ત્રીજી જ ગૅરંટેડ રીત છે. હંમેશા પોતાનામાં શીખવાની સંસ્કૃતિ માણસે કેળવવી જોઈએ.

દરેક સફળતા પાછળ પડકારભરી કથા હોય છે. જ્યારે તમે મંઝીલ મેળવી લો છો, તો તે ઘટનાઓ સફળતાની વાતો બની જાય છે, જેને લોકો વાંચે છે, સાંભળે છે, સંભળાવે છે. જો તમે પડકારોનો સામનો નથી કરતા, તો તમે જાતે જ એ ઘટનાઓના ચક્રવ્યૂહમાં ફસાઈ જઈ કાળની ગર્તામાં ખોવાઈ જાઓ છો.

સફળ લોકો જન્મતા નથી, બને છે. સફળતા પેદા નથી થતી, પણ પેદા કરવી પડે છે. તેને પરિસ્થિતિ સાથે કોઈ જ સંબંધ નથી.

દુનિયા અનેક જાતના લોકોથી ઉભરાય છે. જો આનંદમાં રહેવું હોય તો દરેક વાતને મનમાં લેવાની નથી. લોકોને તો ખબર નથી હોતી કે પોતે શું બોલ્યા હોય છે કે તેની અસર સામાવાળા પર શું બનશે? તેમને તો વટ પડાવવાનો હોય છે. આવા લોકોના કારણે આપણે આપણો મૂડ ઑફ કરીએ છી કે પરેશાન થઈ તે શું જરૂરી છે? લોકો પ્રત્યે સંવેદનશીલ રહો, પણ તેમની વાતો બાબતે જરા પણ સંવેદનશીલ ન રહો. પોતાની વાતો માટે જરૂર સંવેદનશીલ રહો.

પોતાના ઘરને સોલાર હાઉસ બનાવનારા યુવાનની અનોખી કથા

સૅક્ટર-૨૭ના ધર્મેન્દ્ર વૈષ્ણવ પોતાના ઘરના ધાબા પર લગાડેલી સૌર પૅનલથી ૫૦૦ વૉટ વીજળી મેળવે છે!

વર્તમાનપત્રના છેલ્લા પાને એક સરકારી જાહેરાત વાંચવામાં આવી. ઊર્જાવાન ભાવિના પંથે અગ્રેસર : ગુજરાત, ૬૦૦ મેગાવોટ સૌરઊર્જા ઉત્પાદન રાષ્ટ્રને અર્પણ. મને યાદ આવ્યો એક દિવસ. એ દિવસે મને પણ અભરખો થયો કે મારા ઘરમાં પણ સૌરઉર્જાથી ચાલતો એક બલ્બ હોય! ઉત્સાહમાં GEDAની ઓફિસે દોડી ગયો. બ્રોશર મેળવ્યું. વિગતો જાણી. નિરાશ થયો. હકીકતે થર્મલ પાવર કરતા સૌરઊર્જા ઘણી મોંઘી પડતી હતી. વિચાર પડતો મૂકયો. શકય છે કે મારી જેમ ઘણાને આવા વિચાર આવ્યા હશે અને પછી પડતા મૂકાયા હશે, પણ સેકટર:૨૭ નો એક યુવાન તો જુદા જ મિજાજનો! જે ધારે તે કરીને જ જંપે!

આ યુવાન ઈજનેર નથી. માત્ર ધોરણ:૧૦ પાસ છે. નામ એનું ધર્મેન્દ્ર વૈષ્ણવ. ઉમરઃ ૪૫ વર્ષ. આ યુવાનના અતીતમાં ડોકિયું કરવાની મને અનાયાસે તક મળી ગઈ. કુદરતની અવળાઈ તો જૂઓ! એક બાળક હોંશે હોંશે દોડતાં શીખ્યું ત્યાં પગને ચાલ્યા જવાની વેળા થઈ! ત્રણ વર્ષની ઉંમરે તાવની દવા માટે લીધેલ ઈન્જેકશન પોલિયોનું કારણ બન્યું. કાયમી વિકલાંગતા ધર્મેન્દ્રનો પડછાયો બનીને સાથે ચાલવા લાગી. કસોટી અઘરી હતી, વાસ્તવિકતા વરવી હતી. માનવીનું એક અંગ છીનવી લેવું પડે તો તેની તાકાત બીજા અંગોમાં આપીને કુદરત પોતાની ભૂલ સુધારી લેતી હોય છે. ધર્મેન્દ્રનું આ બીજું અંગ એટલે તેનું ભેજું! એ પગ વિનાનો હતો, માટીપગો નહોતો. માર્ગના પથ્થરોને જ આ વિકલાંગ યુવાને પગથિયાં બનાવી લીધાં.

જુનાગઢ જિલ્લાના વીસાવદર તાલુકાના સરસઈ ગામના વતની અને રાજકોટના નિવૃત્ત શાસનાધિકારી સ્વ. હેમતરામ વૈષ્ણવને છ પુત્રો અને એક પુત્રી. ધર્મેન્દ્ર સૌથી નાનો. ગાંધીનગરમાં સરકારી નોકરી કરતી બહેન સાથે રહીને એસ.એસ.સી. સુધીનો અભ્યાસ પૂરો કર્યો. આગળ ન ભણી શકાયું તેનો કોઈ રંજ નહોતો કારણકે ધર્મેન્દ્રની ગણતરી જૂદી હતી. ભણ્યા સિવાય પણ કંઈ કરી દેખાડાય તેવી ખ્વાહેશ તેના યુવાન હૈયામાં આકાર લઈ રહી હતી. શરૂઆત કરી સેકટરઃ ૨૩ ના એક ઓટો ગેરેજથી. લ્યુના રિપેરીંગ શીખતાં શીખતાં એવરેજ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુ. વિવિધ પ્રયોગોને અંતે લ્યૂના મોપેડમાં પ્રતિલીટર ૯૦ કિ.મી.ની એવરેજ હાંસલ કરી. મનોબળ પાસે વિકલાંગતા હારી ગઈ. નાનકડી સફળતા, પણ આનંદ મોટો! છતાં આટલેથી અટકે એ ધર્મેન્દ્ર નહીં! ઘરવપરાશના ઉપકરણો સૌરઉર્જાથી ચલાવી શકાય કે કેમ તે દિશામાં એણે વિચારવાનું ચાલુ કર્યું. સતત વિચાર, સખત મહેનત અને અખૂટ આત્મવિશ્વાસ પરિણામ લાવી શકયા. પોતાના જ ઘરમાં શરૂ કરેલા પ્રયોગોને સફળતા મળી.

શરુઆતમાં ૪૦ વૉટ સુધીના ઉપકરણો સોલાર સીસ્ટમથી ચાલુ રહી શકતા હતા. આજે ધાબા પર બેસાડેલી સૌરપેનલથી તે ૫૦૦ વૉટ સુધીની સૌર ઉર્જા મેળવી શકે છે અને ટયૂબલાઈટ, સી.એફ.એલ., પંખા, મીકસર, વોશીંગ મશીન અને પાણીનો પંપ એકસાથે કાર્યરત રહી શકે છે. એક વિકલાંગ યુવાને ધાર્યું તે અંતે કર્યું જ. કેવળ કોઠાસૂઝથી નિર્માણ પામેલા આ સોલાર હાઉસથી કદાચ ઘણાં ગાંધીનગરાઓ અજાણ હશે! ખૂબીની વાત તો એ છે કે સૂર્ય શકિતથી ઉત્પન્ન થતી વીજળીને સ્પર્શવાથી શોક લાગતો નથી. આપણા ધર્મેન્દ્રભાઈ અને તેનો પરિવાર આ રીતે સલામત છે.

તેમણે એક પાવર કન્ટ્રોલર નામનું ઉપકરણ બનાવ્યું છે, જે તેમના મતે પેટન્ટ લેવા જેવી શોધ છે. આ ઉપરાંત તેમણે વાહન માટે તૈયાર કરેલ ૧૨ ફીચર ધરાવતી સોલાર શકિતથી ચાલતી એક સર્કીટનો જાદૂ તો જૂઓ! વાહન કયા કયા રૂટ પર કેટલા કિ.મી ચાલ્યું તે પ્રવાસના અંતે ડીજીટલ નકશામાં જોઈ શકાય છે અને સાથે લાગેલી પેન્ડ્રાઈવમાં સેવ થયેલો આ ડેટા ઘરે લાવીને પણ જોઈ શકાય છે. માથાની કેપ પર ટચૂકડી સોલાર પેનલ લગાડી ધોમધખતા તાપમાં વગર બેટરીએ ચહેરા ઉપર હવા ફેંકતો કેપ નીચેનો પંખો એકવાર જોવા જેવો છે. તેમણે તૈયાર કરેલું પાંચ ટન કેપેસીટીનું ડીજીટલ વેઈંગ મશીન સૌરઉર્જાથી વિના બેટરીએ આખો દિવસ ચાલુ રહી શકે તેવો તેમનો દાવો છે. સોલાર સીસ્ટમથી ચાલતી એક સર્કીટને કારણે ઓવરહેડ ટેન્ક ભરાય જાય ત્યારે ભોંયતળિયે મૂકેલા યુનિટમાં મ્યુઝીક વાગવું શરૂ થાય છે, મોટર બંધ કરવાની ખબર પડે છે અને ઓવરફલોની ઝંઝટમાંથી છૂટકારો મળે છે.

સામાન્ય રીતે સોલાર સીસ્ટમનો ઉપયોગ આપણે બારેમાસ ગરમપાણી મેળવવા માટે કરીએ છીએ. બજારમાં મળતી સીસ્ટમમાં શરૂઆતમાં લગભગ ૨૦ થી ૨૨ લીટર સાદું પાણી આવ્યા પછી ગરમ પાણી મળવું શરૂ થાય છે પણ આ વિકલાંગ સોલારવીરની કોઠાસૂઝ તો જુઓ! ફકત એકથી દોઢ લીટર સાદા પાણી બાદ તરત ગરમ પાણી મળી શકે તેવી શોધ કરીને સોલાર ઈજનેરોને પણ મોંમાં આંગળા નાંખતા કરી દીધા છે. એક પ્રખ્યાત કંપનીના વોટરપમ્પમાં પા ઈંચની પાઈપમાં પણ પાણી ચડી શકતું નહોતું ત્યારે આ વિકલાંગ યુવાને પા ને બદલે અરધા ઈંચનો પાઈપ વાપરીને એજ પંપથી પાણી ચઢાવી આપી કંપનીના માણસોને પણ આઝર્યચકિત કરી દીધા છે. આ ઉપરાંત ગરમ ન થાય તેવું મોબાઈલ ચાર્જર, વારંવાર ચાર્જ ન કરવો પડે તેવો સેલ, ટોર્ચ, નાઈટ લેમ્પ જેવા ઘરઉપયોગી ઉપકરણો બનાવીને સમાજને ઉપયોગી થવાનું પણ આ યુવાનને ગમ્યું છે. સૌથી વધુ ધ્યાનાકર્ષક આઈટમ છે પોતાની ટ્રાઈસીકલ. ટ્રાઈસીકલના હૂડ પર ગોઠવેલ સોલર પેનલથી તેણે હેડલાઈટ, સાઈડ ઈન્ડીકેટર ઉપરાંત રેડિયો અને મોબાઈલ ચાર્જરની ઊભી કરેલી સુવિધાઓ પણ જોવા જેવી છે. ઘરના મોટાભાગના ઉપકરણો સોલાર સીસ્ટમથી ચાલતા હોવાથી નજીવું વીજ બીલ આવવાને કારણે ટોરેન્ટ પાવર કંપનીએ તેના ઘરનું એક વાર ચેકીંગ પણ હાથ ધર્યું હતું તે વાત યાદ કરતા ધમેન્દ્રભાઈને આજે પણ હસવું આવી જાય છે.

વ્યકિત જે ધારે તે કરી શકે છે તેનો જીવતો જાગતો પૂરાવો ધર્મેન્દ્ર છે. પોતાની સોલાર દુનિયામાં મસ્તીથી જીવતા આ વિકલાંગ યુવાનની બે એક નાની ઈચ્છાઓ છે. એક છે બે વ્યકિત બેસી શકે તેવી સોલાર કારના નિર્માણની અને બીજી સોલાર ઈન્સ્ટીટ્યૂટની સ્થાપનાની. આ અગાઉ અખબારમાં તેમણે ઉભા કરેલા સોલાર હાઉસની વિગતો પ્રસિધ્ધ થતાં રાજ્ય સરકારના એક ઉચ્ચ અધિકારીએ તેમના ઘરની મુલાકાત પણ લીધી છે તેનો તેમને ગર્વ છે.

સમાજને ઉપયોગી થવાની વાત એક વિકલાંગના મોંએથી સાંભળીને આપણી છાતી ગજગજ ફૂલે એ સ્વાભાવિક છે. જ્યારે ગાંધીનગર સોલાર સીટી બનવા જઈ રહ્યું છે ત્યારે સેકટર :૨૭ની સોમેશ્વર સોસાયટીના ૮૧૨ નંબરના મકાનમાં રહેતા આ સોલારવીર વિકલાંગ યુવાનની શોધો અને અનુભવો સમાજને કેટલાં ઉપયોગી થઈ શકશે તે તો સમય જ કહેશે!

સફળતા કે વિફળતાનો બધો આધાર છે સાહસ, ભલે હો ધારણા અવળી, મને ધારણ નથી નડતું!

આગવો માણસ - આપણો માણસ
gsrelation@yahoo.com
- કિશોર જીકાદરા